મુંબઈ શહેરનો મે માસ. આકાશમાંથી આગ નથી વરસતી, માણસોના શરીરમાંથી ટીપું ટીપું થઈને ઝરે છે. પાંડેરવાનાં ફૂલ તો ખીલી ખીલીને ક્યારનાં ખરી ગયાં. હવે એ કાળી સડકો પર સુસ્ત થઈને આળોટતી હવાને પાંખો આવે એવું કશું બાકી નથી રહ્યું.

તોયે આમાં ને આમાં લોકો જીવે છે. ક્યાંક શેરડીના રસ છે તો ક્યાંક લીંબુનું શરબત, રંગબેરંગી પાણી ભરેલા કાચના બાટલા જોઈને માણસના પગ આપમેળે અટકી જાય છે. આ સમયે ઝેર મળે તો પણ પી શકાય, માત્ર તે ઠંડું હોવું જોઈએ.

પરેશ આ બધું સહન નથી કરી શકતો. આટલા બધા માણસો એક જ વખતે, એક જ સ્થળે જોવા મળે તે જ વધારે પડતું લાગે છે. તેમાંયે તેમનું આ રીતે નિરંતર ગતિશીલ રહેવું ભારે વિચિત્ર છે. શા માટે તેઓ આ રીતે દોડ્યા કરતા હશે? લાલ લાઇટ, લીલી લાઇટ, ઊભા રહેવું, પાછું દોડવું, ભોંયરામાં ઊતરવું, દાદરા ચડવા, વાહનોમાં ખડકાવું, ઠલવાવું અને પાછું દોડ્યા કરવું... આખું શહેર એક વિરાટ રાફડો બની ગયું છે. સંભવ છે; પ્રત્યેક કીડીનું એક નિશ્ચિત વ્યક્તિત્વ હશે, એક નિશ્ચિત કર્તવ્ય હશે. પણ પરેશ તો એ નથી સમજી શકતો.

અને હવે એને અહીં જ રહેવાનું છે. આ જ રીતે દોડ્યા કરવાનું છે. પંખીઓનાં ગાન વિનાની, ફૂલોના સ્પર્શ વિનાની બેપરવા ગ્રીષ્મના ચંદરવા હેઠળ ક્યારેક ક્યારેક અટકીને જે હાથમાં આવે તે પી નાંખવાનું છે – નાળિયેરનું પાણી, દૂધ, શરબત, રસ, પરપોટા ગળી ગયેલું અને કાચમાં કેદ પડેલું રંગીન પાણી, ઠંડું હોય એટલે બસ. આહા, એ કેવી રીતે બનશે? કેવી રીતે એ આસપાસના માણસો સાથે વાત કર્યા વિના, તેમના ચહેરા સામે જોયા વિના તેમની સાથે ને સાથે ઘસડાઈ શકશે?

ચોત્રીસ વર્ષનો ન હોત તો તો તે ક્યાંક બેસીને રડી નાખત. આ મૂંઝવી નાખતા શહેરમાંથી મુઠ્ઠી વાળીને ભાગી જાત.

પરંતુ હવે કશું ન બને. શુભાંગી દસ વરસથી રાહ જુએ છે. હવે તેને ક્યાં લગી બેસાડી રખાય? અને આવા મોટા પગારની નોકરી બીજા કોઈ શહેરમાં ક્યાંથી મળવાની? જે થાય તે, રહી જ પડવાનું. જે હાથમાં આવે તે પી નાંખવાનું, ખાઈ નાંખવાનું. જ્યાં પગ મૂકવાની જગ્યા દેખાય ત્યાં મૂકી દેવાનો. લાલ લાઇટ દેખાય એટલે ઊભા રહેવાનું, લીલી થાય એટલે દોડવા માંડવાનું. બસ – એ જ જીવન! પણ શુભાંગી ખાતર એ સહન કરી શકાય. બધાની વિરુદ્ધ થઈને એણે પરેશમાં ભરોસો રાખ્યો છે. એનું મોં શરમથી ઝૂકી ન જાય એટલું તો પરેશે જોવું જ પડે. એક શહેરની ગરમી અને ગરદીથી ગભરાઈને ભાગી છૂટવું એ કંઈ પુરુષને છાજે નહીં. ઘણા ઉદ્યમપૂર્વક એણે છાપાંની નાની નાની જાહેરખબરો ફરી પાછી કાપવા માંડી.

ગજવામાં બેચાર લાખ રૂપિયા ઘાલીને જ લોકો અહીં આવતા હશે એવું કેમ બધાએ માની લીધું છે? પાઘડી કે ઓનરશિપ, બેમાંથી એક દરિયામાં ડૂબકી મારવી જ પડે અને તળિયે પહોંચવા સારુ ગજવામાં ભાર હોવો જોઈએ. નહીંતર... રખડ્યા કરો અહીંથી ત્યાં. લૉજનો કોઈ તોટો નથી. ચીડ અને લાચારી એક પાંજરામાં બંને સાથે રહી શકે એવાં પક્ષીઓ નથી. વહેલેમોડે ચાંચો મારીને એક બીજાને ઉડાડી જ મૂકે. પરેશની અકળામણ ક્યારે ઓસરી ગઈ, ક્યારે જાહેરખબરની વિગતો નોંધતાં નોંધતાં એની આંખો ઘેરાવા લાગી તેનો ખ્યાલ ન રહ્યો. એક નાનું, અતિશય મીઠું ઝોકું ખાતાં ઓચિંતો તેને અંદરથી કોઈએ પાણીની છાલક મારીને જગાડ્યો. બહાવરી આંખો સ્થિર કરીને તે ફરીથી એના એ અક્ષર વાંચવા લાગ્યો :

“કુલીન, સંસ્કારી કુમારિકા પરિણીત નિઃસંતાન યુગલને પેઈંગ ગેસ્ટ રાખવા ઇચ્છે છે. વળતર બહુ નથી. દલાલોએ તસ્દી લેવી નહીં. જાતે મળો.”

સરનામું બોરીવલીનું હતું. બોરીવલીથી લોકલ ટ્રેનો ઊપડે છે. મુંબઈમાં પગ મૂકવા ફાંફાં મારતા માણસોનું એ વૈકુંઠ છે. પરેશને રાતે ઊંઘવું મુશ્કેલ થઈ પડ્યું. ક્યારે સવાર પડે ને બીજા કોઈના જઈ પહોંચતાં પહેલાં પહોંચીને એ બધું પાકું કરી લે તેની તાલાવેલી ઊપડી હતી.

જો કે સવારનું એટલું સારું છે, ગમે એટલું મોડું કરે તોયે આખરે પડે છે તો ખરી જ. લોકલ ટ્રેનો પણ શરૂ થઈ જાય છે. ગમે એટલી ગરદીમાં પણ

એક માણસનો સમાવેશ થઈ જ જાય છે. એ તો આ મહાનગરીની ખૂબી છે. પહેલી વાર પરેશના મનમાં મુંબઈ માટે કંઈક કુમળો ભાવ જાગ્યો. બોરીવલીના માણસો પણ સરનામું બતાવવામાં દિલચસ્પી લેનાર નીકળ્યા. એમના અજ્ઞાન અને અતિ ઉત્સાહને કારણે અરધોએક કલાક વધારે રખડવું પડ્યું છતાં અંતે પરેશ કુલીન કુમારિકાને નિવાસસ્થાને પહોંચ્યો ખરો.

વળતરની જરૂર ઊભી થઈ છે એ તો રસ્તા પરથી જ દેખાયું. બેચાર ફણસનાં ને આંબાનાં ઝાડ સિવાય નીચે બધું સૂકુંભઠ. દરવાજો એક બાજુથી નમી પડ્યો છે. એક જમાનામાં પથ્થર જડેલી પગથીની તિરાડોમાં પીળા રંગનું ઘાસ ઊગ્યું છે. લોકોના પગ નીચે કચરાવાનો એને શોખ લાગે છે. મકાન પણ જૂનું, મરામત વગરનું અને રંગ ન થયેલો હોવાથી સાવ નિસ્તેજ બની ગયેલું છે. વીસ-બાવીસ વરસની સુંદર કન્યા આવામાં કઈ રીતે એકલી રહેતી હશે? પરેશના મનમાં એને માટે અનુકંપા જાગી. પહેલી વાર એને લાગ્યું કે એણે મુંબઈ પાસેથી માત્ર મેળવવાનું જ નથી, કશુંક આપવાનું પણ છે.

ત્રણ-ચાર પગથિયાં ચડીને એણે ઘંટડીની ચાંપ દાબી. બાજુમાં ક્રોમિયમની ઝાંખી પડી ગયેલી ફ્રેમમાં કાળા રંગની નાની પટ્ટીમાં સફેદ અક્ષરે લખાયેલું હતું : 'કુ. કુંદન રતિલાલ મહેતા, બી.એ.'

આસપાસ કોઈ માણસ દેખાતું નહોતું. પંદર-સત્તર દિવસથી સતત ટોળાં વચ્ચે રહેતા પરેશને આ સૂમસામપણું રાહતને બદલે બેચેની જગાડનારું લાગ્યું. આમ ને આમ ઊભા રહેવા કરતાં મકાનની આજુબાજુ ચક્કર મારીને જોવું કે બીજું કોઈ બારણું છે? એ વિચારથી તે પગથિયાં ઊતરવા જતો હતો એટલામાં જ બારણું આસ્તેથી ઊઘડ્યું.

કાબરચીતરા વાળવાળી એક આધેડ બાઈએ શંકાશીલ નજરે તેની સામે જોઈને પૂછ્યું : "કોણ છો તમે? શું કામ છે?"

"મારું નામ પરેશ દેસાઈ. હું કુંદનબહેનને મળવા આવ્યો છું."

પરેશની છાતીમાં ધડક ધડક થવા લાગ્યું. રખે ને આ બાઈ એમ કહી દે કે બહેન બહાર ગયાં છે તો શું કરવું? પણ એણે તો બારણું બેચાર ઇંચ વધારે ખોલીને કહ્યું, "આવો."

અંદર ધૂળ–બાવાંની એક હવડ વાસ આવતી હતી. ઘસાઈ ગયેલા મખમલથી મઢેલા એક ઊભી પીઠવાળા બાંકડા પરથી વાસી છાપાંની થપ્પી જરાક હઠાવીને બાઈ બોલી, "બેસો." ને એ ઊભી રહી.

બેસીને પરેશે ફરી પૂછ્યું : "કુંદનબહેન ક્યાં છે?"

"હું જ કુંદનબહેન. શું કામ છે?"

કેળાની છાલ પરથી લપસી પડેલો પરેશ માંડમાંડ બુદ્ધિ ઠેકાણે આણીને ગજવામાંથી જાહેરખબરની કાપલી બહાર કાઢવા લાગ્યો.

"આ... આ જાહેરખબર..."

"મેં જ આપી હતી. બોલો."

"જી, મને – એટલે કે હું મુંબઈમાં જગ્યા શોધતો હતો. એટલે એમ કે... મને થયું કે જો..."

"બોલો."

બાઈ જરાય મદદ કરવા તૈયાર નહોતી, બેસતી પણ નહોતી. એની બહાર તરી આવતી ગોળ ગોળ આંખો બીજે ખસેડતી પણ નહોતી. એનો આખો દેખાવ હવામાં ચક્કર મારીને સ્થિર થઈ જતી સમડી જેવો હતો. તીણું, મોટું, આગળ ધસી આવતું નાક, શંકાશીલ નજર અને ભાવહીન ચહેરો ગમે તેને અસ્વસ્થ કરી મૂકે. પણ શુભાંગી...

પરેશે એકદમ ઝંપલાવ્યું,

"મારે અહીં પેઈંગ ગેસ્ટ તરીકે રહેવા આવવું છે."

"ઘણા લોકો આવી ગયા."

"પણ મને બહુ જ જરૂર છે... મને નોકરી મળી ગઈ છે. માત્ર રહેવાનો સવાલ..."

એ ઓચિંતી હસી પડી. એનું હાસ્ય પણ ધાતુના રણકાર જેવું ધારદાર અને કર્કશ લાગતું હતું. માણસને એ સાંભળીને આરામ ન લાગે. પરેશ અણગમાથી એની સામે જોઈ રહ્યો.

"બધાને રહેવાનો જ સવાલ હોય છે. મુંબઈમાં." કહીને એ સામેના એવા જ બાંકડા પર હાથના બેચાર જોરદાર ઝપાટા મારીને બેઠી. ધૂળનું વાદળ શમ્યું પછી બોલી : "બધું ગંદું થઈ ગયું છે."

પરેશને શો જવાબ આપવો તે સૂઝ્યું નહીં. એણે ગજવામાંથી રૂમાલ કાઢીને મોં લૂછ્યું. પાણીની આશામાં આમતેમ નજર ફેરવી. કુંદન એની મૂંઝવણ સમજી તો ખરી પણ શાંતિથી બોલી,

"તમને આમ એકલા બેસાડીને મારાથી અંદર પાણી લેવા ન જવાય. જમાનો કેવો આવ્યો છે, જાણો છો ને?"

"જી, હા... હા જી, કંઈ વાંધો નહીં."

થોડી વાર બંને જણ એમ જ બેસી રહ્યાં. પછી સાથે જ બોલવાનું શરૂ કરતાં અટકી ગયાં. સહેજ હસીને પરેશે પૂછ્યું, "મારે કેટલા રૂપિયા આપવા પડશે?"

"અરે વાહ! હજી મેં તમને રાખવાનો વિચાર પણ પૂરો કર્યો નથી."

"પણ મને બહુ જ જરૂર છે, પ્લી...ઝ! કોઈકને તો તમે રાખશો જ. તો પછી મને જ ચાન્સ આપો ને! આપ જે રીતે કહેશો તે રીતે... પૈસાનો કોઈ સવાલ જ નથી."

"જાણે કે મારે જોઈએ છે તો ગુજરાતી, પણ..."

"શું?"

"તમે તો એકલા છો... મારે તો પતિપત્ની બંને જોઈએ."

"પણ..."

ઓહો! આ સમડી જેવી બાઈને પોતાની ગુપ્ત પ્રણયકથા સંભળાવી દેવી, જિંદગીમાં કોઈની સામે નહોતી કરી એવી કાકલૂદીઓ કરવી, પોતાની શરાફતના પુરાવા આપવા એ બધું કેટલું હીણપતભર્યું હતું! પણ શુભાંગીને ખાતર એ બધું કરવું પડશે. નહીંતર એને મુંબઈમાં નહીં લાવી શકાય. નાનકડી આવરદાનો મોટો ભાગ તો આ ચાલ્યો – એનું ઘર એ ક્યારે જોવા પામશે?

"ઠીક, તો પછી –"

"ના, ના, પ્લીઝ! મારી વાત તો સાંભળો!" કહી પરેશે અંતરતલ લગી કંપી જઈને પોતાની વાત કહેવા માંડી. શરૂઆતમાં એને લાગતું હતું કે કોઈ એને પરાણે વિવસ્ત્ર બનાવી રહ્યું છે. ના, એ પોતાની જાતે જ પોતાનાં કપડાં ખેંચી ફાડીને એક પછી એક ઉતારી રહ્યો છે. અસહ્ય પીડાથી એનો માંહ્યલો માણસ અમળાઈ અમળાઈને મરી રહ્યો છે. એની જગ્યાએ એક પતંગિયું જન્મ્યું છે. મુક્ત, નિર્વસ્ત્ર, સુંદર અને ચંચળ!

"શુભા મારી બાજુમાં જ રહેતી હતી..." ત્યાંથી માંડીને બંને જણે છૂપી રીતે રજિસ્ટર્ડ કરાવેલાં લગ્ન લગીની બધી વાત કરી નાખ્યા પછી પરેશને ખૂબ હળવાશ લાગી. ઘર આપે કે નહીં, પાણીનો પ્યાલો તો આ બાઈએ આપવો જ જોઈએ. એણે અધિકારપૂર્વક કહ્યું, "મારે પાણી પીવું છે."

"લાવું હોં!" એકદમ બદલાયેલો કંઠસ્વર સાંભળીને પરેશ જરા ચકિત થઈ એની સામે જોવા લાગ્યો. કુંદનના ગાલ આંસુથી ખરડાયેલા હતા. ઝટ ઊઠીને એ અંદર ચાલી ગઈ. આવી ત્યારે એના હાથમાં એક ટ્રે હતી. એમાં સક્કરપારાની તાસક અને પાણીના બે પ્યાલા હતા.

"પાણી એમ ને એમ ન પીવું; નડે." કહી એણે અખરોટના લાકડાનું કોતરણીવાળું નાનું ટેબલ ખસેડ્યું. ધૂળના આછા ગોટા સાથે હચમચી ઊઠેલું ટેબલ, ચાર-છ ઇંચ ખસીને પાછું જડ થઈ ગયું.

"રહેવા દો ને!" કહી પરેશે આખી ટ્રે તેના હાથમાંથી લઈને બાંકડા પર પોતાની બાજુમાં મૂકી.

કુંદને પાણીનો પ્યાલો લીધો અને એકીશ્વાસે પી નાખ્યો. પછી પાછો મૂકતાં મૂકતાં બોલી, "તો તો તમને ઘર ન મળે ત્યાં લગી તમે કોઈને કહી જ ન શકો કે તમે બંને પરણ્યાં છો, નહીં?"

"એવું જ ને!"

"કેટલાં વરસની છે એ શુભાંગી?"

"મારાથી બે વરસ નાની છે. બત્રીસની થઈ."

"મોડું કહેવાય. ખરું પૂછો તો ત્રીસ – અરે, પચીસ પહેલાં જ બધું પતી જવું જોઈએ."

"શું?"

"લગ્ન, બાળક, બધું જ. તમને ખબર છે, જેમ સુવાવડ મોડી આવે તેમ બહુ તકલીફ થાય એ લોકોને."

પરેશ લાલ લાલ થઈ ગયો. એ રહેતો હતો ત્યાં કોઈ આવી રીતે બોલતું નહોતું. તદ્દન અજાણી સ્ત્રી આવી નાજુક વાતની એક પુરુષ સાથે ચર્ચા કરે એ બહુ અજુગતું કહેવાય. જો કે એની વાત તો સાચી જ હતી... બહુ મોડું થઈ ગયું હતું. હજી જો એ પત્ની, ગૃહિણી અને માતા નહીં બની શકે તો પછી શુભાંગી કદાચ જિંદગીભર ક્લાર્ક જ રહી જશે. અને એ ખોટું થશે, બહુ જ ખોટું.

"તો પછી તમે અમને અહીં રહેવા દેશો? હું બોલાવી લઉં એને?"

"તમે – શું આપી શકશો?"

"તમે શું ધારતાં હતાં?"

"સાચું કહું, મને આ બધાની બહુ ખબર નથી પડતી. બધું રતિભાઈ જ જોતા ને!"